SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication https://www.rangmatipublication.com

# ડૉ. બાબાસાહેબ આંબેડકરનું પત્રકારત્વ: એક ઐતિહાસિક અભ્યાસ

*જોશી કૌશિક એચ.*


- ***સારાંશ :***

***આ સંશોધન લેખમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનના એક મહત્વના પાસા—'પત્રકારત્વ' વિશે ઊંડાણપૂર્વક વાત કરવામાં આવી છે. ડૉ. આંબેડકર માત્ર કાયદાશાસ્ત્રી કે બંધારણના ઘડવૈયા નહોતા, પણ તેમણે દલિતો, શોષિતો અને જેમને બોલવાનો અધિકાર નહોતો તેવા લોકોનો અવાજ દુનિયા સુધી પહોંચાડવા માટે અખબારોને એક મજબૂત હથિયાર બનાવ્યા હતા.***

***તે સમયે પ્રચલિત અખબારોમાં દલિતોની પીડાને બહુ ઓછું સ્થાન મળતું હતું, તેથી તેમણે પોતે 'મુકનાયક', 'બહિષ્કૃત ભારત' અને 'જનતા' જેવા સામાયિકો શરૂ કર્યા. આ સંશોધન લેખ એ બાબત પર પ્રકાશ પાડે છે કે કેવી રીતે બાબાસાહેબે વિદેશમાં રહીને અભ્યાસ કરવાની સાથે સાથે લેખો દ્વારા ભારતના સામાન્ય માનવીને જાગૃત કર્યો. તેમણે પત્રકારત્વના માધ્યમથી એ સાબિત કર્યું કે સાચું 'સ્વરાજ' ત્યારે જ આવશે જ્યારે સમાજનો છેવાડાનો માણસ પણ સન્માન સાથે બોલતો થશે.***



- ***ચાવીરૂપ શબ્દો : ડૉ. બાબાસાહેબ આંબેડકર, પત્રકારત્વ, મુકનાયક, બહિષ્કૃત ભારત, દલિત આંદોલન, મહારાજા શાહુજી, સામાજિક ન્યાય, જનતા પાક્ષિક***


## ➢ બહુમુખી પ્રતિભા ધારાવતું વ્યક્તિત્વ :

ભીમરાવજી આંબેડકર કે જે ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં નામે લોકપ્રિય છે. તેઓ પોતે ન્યાયશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, રાજનીતિજ્ઞ, પત્રકાર, લેખક, સમાજશાસ્ત્રી, દાર્શનિક, માનવશાસ્ત્રી, ધર્મશાસ્ત્રી, ઈતિહાસવિધ, પ્રોફેસર અને સંપાદક પણ હતા.

બાબાસાહેબની વિદ્વતા માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. જે દર્શાવવા કોઈ પુરાવાઓની જરૂર નથી. સર્વપ્રથમ ૧૯૨૭ માં આંબેડકરના અનુયાયીઓ દ્વારા અને ત્યારબાદ ભારતીય લોકો દ્વારા આંબેડકરને આદર અને સન્માનથી **'બાબાસાહેબ'** (મરાઠીમાં બાબાસાહબ) કહેવાયું હતું, જેનો મરાઠીમાં **'પિતા સાહેબ'** એવો અર્થ થાય છે. કારણ કે લાખો ભારતીય તેમને મહાનતમ મુક્તિદાતા માને છે. આંબેડકરને **'ભીમ'** નામથી પણ સંબોધિત કરવામાં આવે છે. આ નામનો પ્રયોગ ભીમ જન્મભૂમિ, ભીમ જયંતિ, જય ભીમ, ભીમ સ્તંભ, ભીમ ગીત, ભીમ ધ્વજ, ભીમ આર્મી, ભીમ નગર, ભીમ એપ, ભીમ ગર્જના વગેરે જગ્યાએ કરવામાં આવે છે.

ઘણી સામાજિક સંસ્થાઓ અને બાર જેટલા વિશ્વવિદ્યાલયોના નામ એમના સન્માનમાં રખાયા છે. આ ઉપરાંત ડૉ. બાબાસાહેબ આંબેડકર આંતરરાષ્ટ્રીય વિમાન મથક, ડૉ. આંબેડકર આંતરરાષ્ટ્રીય વિશ્વવિદ્યાલય દિલ્હીના નામ પણ તેમના સન્માનમાં રખાયા છે.

તેઓ કેટલા વિદ્વાન હશે તેનો અંદાજો આપણે એના પરથી લગાવી શકીએ કે 2004 માં અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીની સ્થાપનાનાં ૨૫૦ વર્ષ પૂરા થયા હોવાથી તે દિવસને વિશેષ રૂપે મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. જેમાં તેમણે પોતાની યુનિવર્સિટીમાંથી ભણી ચૂકેલા મુખ્ય કે ઉત્તમ ૧૦૦ બુદ્ધિમાન વિદ્યાર્થીઓની **'કોલમ્બિયન્સ અહેડ ઓફ ટાઈમ'** નામની સૂચિ તૈયાર કરી. જેમણે દુનિયામાં પોતપોતાના ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હોય તેવા વિદ્યાર્થીઓની આ સૂચિ પ્રકાશિત કરવામાં આવી ત્યારે તેમાંનું એક નામ **ભીમરાવ આંબેડકર** હતું.[1]

## ➢ અભ્યાસુ જીવન :

કોલંબિયા યુનિવર્સિટીમાં તેમના અભ્યાસની વાત કરીએ તો તેમણે ત્યાં અભ્યાસ કર્યો તથા પીએચ.ડી.ની ડિગ્રીઓ પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ તેમણે લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ માંથી ડીએસ.સીની ડિગ્રી પ્રાપ્ત કરી. જેનો વિષય હતો **'પ્રોબ્લેમ ઓફ રૂપી'** તેની સાથોસાથ તેમણે બેરિસ્ટરની ડિગ્રી પણ પ્રાપ્ત કરી.[2]

આટલી ડિગ્રીઓ અને વિદેશોની સર્વોત્તમ ડિગ્રીઓ પ્રાપ્ત કરી આંબેડકર ભારત પરત ફરે છે. પરંતુ તેમ છતાં તે સમયે સમાજનો વ્યવહાર તેમના પ્રતિ બદલાયો નહીં. જેના લીધે ધીરે ધીરે આંબેડકર પોતાના દિન બંધુઓને પોતાના સજાતીય અછૂતોને સમાન અધિકારો અપાવવા માટે આંદોલનોના નેતૃત્વ કરવાનું શરૂ કર્યું.

➤ **પત્રકારત્વમાં પદાર્પણ અને ઉદ્દેશ્ય :**

આંદોલનોની સાથો સાથ બાબાસાહેબનું પત્રકારત્વ ક્ષેત્રે પણ ઘણું વિશિષ્ટ પ્રદાન હતું. પરંતુ તેમના આ પ્રદાનના મુખ્યપ્રણેતા કે સહાયક મહારાજા શાહુજીને ગણી શકાય. કોલ્હાપુરના કાર્યકર દતોબા સંતરામ પવારના પ્રયત્નોને પરિણામે કોલ્હાપુરના ક્રાંતિકારી મહારાજ શાહુજી અને ડૉ. બાબા સાહેબનું મિલન થયું.

તેઓ ૧૯૯૪માં ગાદી પર આવ્યા ત્યારથી જ દલિતો માટે શાળાઓ છાત્રાલયો બંધાવ્યા હતા. મહાર, માંગ, ઢોર, ચમાર ઈત્યાદી જાતિના ઓછું ભણેલા યુવાનોને રાજ્યમાં નોકરી અને વકીલાતની સનદો પણ આપી હતી, તેમના હાથીની અંબાડીનો મહાવત પણ મહાર જાતિનો હતો.[3]

જ્યારે હિન્દી મંત્રી એડવિન મોન્ટેગ્યુ અને વાઇસરોય લોર્ડ ચેમ્સફર્ડ જ્યારે ભારતમાં સુધારાઓ કે ભલામણો ની રચના કરવા ભારત પ્રવાસે આવ્યા. ત્યારે ડૉ. આંબેડકર અને ડોક્ટર પી. જી સોલંકી એ દલિતોના હિતો માટેની માંગણી આવેદન સુપ્રત કર્યું. તથા વસ્તીના ધોરણે ૯ બેઠકોની માંગણી કરી હતી. તેમની આ કામગીરીથી શાહુજી મહારાજ વિશેષ આનંદ પામ્યા. દતોબા પવારના પ્રયત્નોથી બંને મળ્યા અને ભેટીયા એક થઈ ગયા શ્રી અને સરસ્વતીનો સંગમ થયો. એમની મૈત્રી ખૂબ ગાઢ બની અને દલિતો દ્વારા ચાલતી પ્રવૃત્તિમાં વેગ આપ્યો અને આ મૈત્રીનું પ્રથમ ફરજ એટલે કે **'મુકનાયક'**.

મુંબઈના કેટલાક કાર્યકરો બાબાસાહેબની શાળામાં એકઠા થયા. અને અચુતો માટે અખબાર કાઢવાનું નક્કી કર્યું. અને આવા કામ માટે એક મોટા હસ્તીની મદદ તો જોઈએ જ અને દલિતોની મદદ માટે તત્પર એવા મહારાજા શાહુજીએ તેમાં પોતાનું યોગદાન આપ્યું. મહારાજાએ અઢી હજારની સખાવત સ્થળ ઉપર જ આપી દીધી.[4]

સૈકાઓથી મૂંગા રહેલા મજલુમો માટે બોલવા તથા પોતાનો પક્ષ રાખવા **"મુકનાયક"** નામના પાક્ષિકનો પ્રારંભ થયો. આંબેડકર પોતે ત્યારે સરકારી કોલેજના પ્રાધ્યાપક હોવાથી તે પોતે તંત્રી ન બની શકે તેથી અકોલાના અંડર ગ્રેજ્યુએટ મહાર યુવક **પાંડુરંગ નંદ રાવ ભટકર** ની નિમણૂક કરી. તેણે પાછળથી રાજીનામું આપ્યું. ત્યારબાદ વ્યવસ્થાપક તરીકે સત્તારાના **જ્ઞાનદેવ ધોલપ**ને મૂકવામાં આવ્યા હતા. ડૉ. આંબેડકર પોતે ડિફેક્ટો તંત્રી રહ્યા ૨૩ જાન્યુઆરી ૧૯૨૦ના દિવસે તેમનો પ્રથમ અંક પ્રકાશિત થયો. ૨૩ જૂન ૧૯૨૦નો વિશેષાંક મહારાજા શાહુના જન્મદિવસ નિમિત્તે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જાહેરાતના પૈસા લઈને પણ મુકનાયક જાહેરાત લોકમાન્ય તિલકના દૈનિક કેસરી અને મરાઠામાં પ્રસિદ્ધ કરવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. જાહેરાતની પણ અસ્પૃશ્યતા? પ્રથમ ૧૪ અંકોના અગ્રલેખ ડૉ. આંબેડકરે પોતે લખ્યા હતા. તેના પ્રથમ અંક ના વિચારો **'મનોગત'** મથાળાથી હતા.[5]

➤ **મહત્વના સામયિકો અને અખબારો :**

આ ઉપરાંત બાબાસાહેબે બ્રિટિશ સરકાર દ્વારા મહાર યુવકોને જ્યારે સૈન્યમાંથી બાકાત કરવામાં આવ્યા. ત્યારે તેની સામે ૧૯૨૭માં ઉગ્ર આંદોલન કર્યું. તેના લીધે બાબાસાહેબ પર ટીકા ટિપ્પણીઓ થવા લાગી તેનો જવાબ આપવા ૩ એપ્રિલ ૧૯૨૭માં તેમણે **"બહિષ્કૃત ભારત"** નામથી પાક્ષિક શરૂ કર્યું. જેનું સંપાદન બાબાસાહેબે પોતે કર્યું હતું અને આ પાક્ષિક બોમ્બે થી પ્રકાશિત કરવામાં આવ્યું હતું.[6]

ગોળમેજી પરિષદ અને અન્ય કામોમાં ગળા ડૂબ રહેલા બાબાસાહેબ પોતે સમાજ સમતા સંઘ તથા સમતા સામાજિકમાં પૂરતું ધ્યાન આપી શક્યા નહીં. તેથી તેમણે **દેવરાય વિષ્ણુ નાયક**ના તંત્રી પદ હેઠળ ૨૯ જૂન ૧૯૨૮માં **'સમતા'** નામનું પાક્ષિક શરૂ કર્યું. જેની અંદર આંતરજ્ઞાતિય સમૂહ ભોજન અને રોટી બેટી વ્યવહાર સ્થાપવાનું શરૂ કરાવવા માટેનું ઉદ્દેશ્ય હતો.[7]

સમતા પાક્ષિક અમુક કારણોસર બંધ થયું ત્યારે બાબાસાહેબે તેને **"જનતા"** નામે ફરીથી પ્રકાશિત કર્યું આ પાક્ષિકનો પ્રથમ અંક ૨૪ ફેબ્રુઆરી ૧૯૩૦ ના રોજ પ્રકાશિત થયો હતો. તે ૩૧ ઓક્ટોબર ૧૯૩૦ ના રોજ સાપ્તાહિક પણ બન્યું હતું. બાબા સાહેબે 1944માં તેમાં **"હમ શાશક કોમ બનેંગે"** શીર્ષક હેઠળ અનેક પ્રખ્યાત લેખો લખ્યા આ પાક્ષિક દ્વારા બાબાસાહેબે દલિતોના પ્રશ્નોને વેગવંતા બનાવવાનું કાર્ય કર્યું.

આ ઉપરાંત ૪ ફેબ્રુઆરી ૧૯૫૬માં જનતા પાક્ષિક નું નામ બદલાવીને **'પ્રબુદ્ધ ભારત'** કરવામાં આવ્યું. ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા **મુકનાયક, બહિષ્કૃત ભારત** અને **સમતા**ના નામે જે વર્તમાન પત્રો બહાર પાડવામાં આવ્યા હતા તે કોઈના કોઈ કારણોસર અમુક વર્ષોમાં બંધ થયા. પરંતુ જનતા પાક્ષિક એ ૨૬ વર્ષ જેટલું ચાલ્યું હતું. આ સમયગાળો એ સવર્ણો અને અછૂતો વચ્ચેની જે પરિસ્થિતિ હતી તેમાં ઐતિહાસિકતા ની દ્રષ્ટિએ ખૂબ મહત્વ ધરાવે છે.

આમ, ડૉ. બાબાસાહેબે ભારતમાં દલિતોના વિકાસ માટે જે પત્રકારત્વ માં ઝંપલાવ્યું હતું. તે રસ્તો આજે પણ તેમ જ જોવા મળે છે. ઘણી વખત ઈ-મીડિયામાં અતિશયોક્તિ આવી શકે છે, પરંતુ પત્રકાર અને વર્તમાન પત્રો આજે પણ સમાજની સત્ય હકીકતો માટે અવાજ ઉઠાવવાનું અને તે હકીકતોને સામાન્ય પ્રજા સામે ઉજાગર કરવાનું કાર્ય ચાલુ રાખ્યું છે.

➢ **મૂલ્યાંકન :**

ડૉ. બાબાસાહેબની અનેક વિશેષતાઓ હતી. તેઓ એક લેખક, પત્રકાર, વિદ્વાન, અનેક ભાષાના જ્ઞાતા તો હતા જ આ ઉપરાંત તેઓ **લંડન યુનિવર્સિટી**ની લાઈબ્રેરીમાં તમામ પુસ્તકોનો અભ્યાસ કરી જીવનમાં ઉતારનાર વિશ્વના તેજસ્વી વિદ્યાર્થી પણ હતા. ભારતીય મધ્યસ્થ રીઝર્વ બેંકનો વિચાર આપનાર મહાન અર્થશાસ્ત્રી હતા, બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ભારતને આર્થિક રીતે પાયમાલ કર્યું છે એવું બ્રિટનની ભૂમિ પર કહેનાર પ્રથમ ભારતીય મહાપુરુષ હતા, વિશ્વના સર્વશ્રેષ્ઠ ૬ વિદ્વાનોમાં એક વિદ્વાન તથા લંડન યુનિવર્સિટી નો ૮ વર્ષનો અભ્યાસક્રમ માત્ર ૩ વર્ષમાં પૂર્ણ કરનાર ભારતના એકમાત્ર તેજસ્વી વિદ્યાર્થી હતા.

આમ આપણે એવું કહી શકીએ કે બાબા સાહેબે પોતાના દિનબંધુઓને વાચા આપવા અને તેમની સમસ્યાઓનું સમાધાન લાવવા માટે પત્રકારત્વમાં જંપપલાવ્યું હતું. તેમનું પત્રકારત્વ ક્ષેત્ર પ્રદાન ખૂબ અગત્યનું છે અને તેના દ્વારા તેમણે દલિતોનું ઉદ્ધાર કર્યો હોવાનું જણાય છે.

➢ **સંદર્ભગ્રંથ સુચી :**


1. 'Columbians Ahead of Their Times' online list link - https://share.google/KQJTZkFoHPMXFxwUO
2. પટેલ કલ્પેશ, ભારતરત્ન ડો. આંબેડકર, પાશ્વ પબ્લિકેશન, અહમદાબાદ, ૨૦૧૬, પૃ. ૨૫
3. જ્યોતિકર (ડૉ.) પી.જી., ડૉ. આંબેડકરનું જીવન ચરિત્ર, BAOU, પૃ.૩૩
4. એજન – ૩૪
5. प्रा०. पटेलचंपक, द लतसाहित्यकार, रावतप्रकाशन, नईदिल्ली, २०१६, पृ. १६४
6. સાંખટ (ડૉ.) જીતેશકુમાર એ., ડૉ. બી.આર. આંબેડકરના જીવનના ઐતિહાસિક તથ્યો, An International Multidisciplinary Research E – Journal, पृ. ૬
7. એજન.